અપીલ અરજી નં.૧૦૧ તા.૮–૭–૦૯ /૧૦

અરજદારઃ શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૬–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) સિધ્ધાર્થનગરની પૂર્વ નહેર કિનારે રેલ્વે લાઈનથી નહેરથી દક્ષિણની સોસા. પ્રવિણનગર અને મહાલક્ષ્મીનગરના પ્લોટીંગ કયા હેતુથી થઈ રહયું છે અને તેની જમીન એન.એ છે. મુદ્દા નં.(ર) સદર સોસા.ની પ્લોટીંગની પરવાનગીમહાનગરપાલિકાએ આપી છે? મુદ્દા નં.૩ પ્લોટની સાઈઝ અને નિધાર્રિત ભાવ કેટલો છે? મુદ્દા નં.(૪) બાંધકામની પરમીશન છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબત.

***સંદર્ભ ઃ***– અરજદાર મજકુરની તા.૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૧/૨૦૦૯–૧૦

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૬–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં. (૧) સિધ્ધાર્થનગરની પૂર્વ નહેર કિનારે રેલ્વે લાઈનથી નહેરથી દક્ષિણની સોસા. પ્રવિણનગર અને મહાલક્ષ્મીનગરના પ્લોટીંગ કયા હેતુથી થઈ રહયું છે અને તેની જમીન એન.એ છે. મુદ્દા નં.(ર) સદર સોસા.ની પ્લોટીંગની પરવાનગી મહાનગરપાલિકાએ આપી છે? મુદ્દા નં.૩ પ્લોટની સાઈઝ અને નિધાર્રિત ભાવ કેટલો છે? મુદ્દા નં.(૪) બાંધકામની પરમીશન છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબતે નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ / ૩૯૨ તા.૧૪–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ ટેક/ ર૭ર૧ તા.૩૧–૭–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પુરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૬–૬–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) સિધ્ધાર્થનગરની પૂર્વ નહેર કિનારે રેલ્વે લાઈનથી નહેરથી દક્ષિણની સોસા. પ્રવિણનગર અને મહાલક્ષ્મીનગરના પ્લોટીંગ કયા હેતુથી થઈ રહયું છે અને તેની જમીન એન.એ છે. મુદ્દા નં .(ર) સદર સોસા.ની પ્લોટીંગની પરવાનગીમહાનગરપાલિકાએ આપી છે? મુદ્દા નં.૩ પ્લોટની સાઈઝ અને નિધાર્રિત ભાવ કેટલો છે? મુદ્દા નં.(૪) બાંધકામની પરમીશન છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.ર૦૬પ તા.૪–૭–૦૯ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જેમાં અરજીમાં જણાવ્યાનુસાર સિધ્ધાર્થનગરથી પૂર્વે નહેરનાં કિનારે રેલ્વે લાઈનની પૂર્વ તરફ, નહેરની દક્ષિણે પ્રવિણનગર અને મહાલક્ષ્મી નગર સોસાયટી આવેલ હોવાનું સ્થળ તપાસ કરતા જણાતુ નથી.જેથી સોસાયટીની જગ્યાની રેવન્યુ સર્વે નંબરો તથા સ્પષ્ટ વિસ્તાર જણાવ્યેથી માહિતી આપી શકાય. તેમ જણાવેલ. આમ અરજદારે માંગેલ માહિતિ બાબતે દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની આરટીઆઈ એકટની કલમ– ર(એફ) અને ર(જે) ની જોગવાઈ સામે સ્થળ તપાસ કરીને પણ માહિતી આપવા પ્રયત્ન કરેલ જણાય છે. અરજદારે સ્પષ્ટ અને ચોકકસ માહિતિ આધાર સહિત માંગેલ નથી. અપીલ તબકકે પણ તેવી કોઈ વિગતો રજુ કરેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજી અસ્પષ્ટ અને અધૂરી વિગતો ધરાવતી હોવાથી જાહેર માહિતી અધિકારી ધ્વારા રેવન્યુ સર્વે નંબર તથા સ્પષ્ટ વિગતો જણાવ્યેથી માહિતી આપવા તૈયારી દર્શાવતો પત્ર અરજદારને પાઠવેલ હોઈ અપીલ અં ગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર ઈચ્છુક હોય તો વિગતો રજુ કરી માહિતિ મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન ...જાણ તથા અમલ માટે.
(ર) શ્રી અમરનાથ ત્રિપાઠી